# કબૂતર આ..આ..આ..!

**ન બોલવામાં નવ ગુણ**

★ નટવર પંડ્યા



કબૂતરે એટલે કે શાંતિના દૂતે એક જ્વેલરી શોરૂમના માલિકના મનમાં અશાંતિ જગાવી. આમ જુઓ તો કબૂતર નિર્દોષ પક્ષી છે. પણ આ કબૂતરીય ઘટના 'નિર્દોષ છુટાછેડા' જેવી છે આમાં ખરેખર કોણ દોષિત છે તે નક્કી થઈ શકે તેમ નથી. અખબારી અહેવાલોના જણાવ્યા મુજબ ઘટના એવી ઘટી કે રાજસ્થાનના નાગોર જિલ્લાના દેગાના શહેર સ્થિત એક જ્વેલરી શોરૂમમાં એકાએક એક કબૂતર ઉડીને આવ્યું અને કોઈ કંઈ સમજે તે પહેલા શોરૂમમાં ટેબલ પર રાખેલી લગભગ એક લાખ રૂપિયાની કિંમતની ઓરીજનલ સોનાની ચેન ઝપટ મારીને ચાંચમાં લઈને ઉડી ગયું. આપણે કબૂતર...જા જા.. એવું ગીત અનેકવાર સાંભળ્યું છે. પણ કબૂતર ઊડી ગયું. તેની સાથોસાથ શોરૂમના માલિકના હોશકોશ ઊડી ગયા. તે દર્દભર્યા સ્વરે મનોમન ગાવા લાગ્યો 'કબૂતર...આ...આ.' જોકે તેને આશા નહોતી કે કબૂતર પાછું આવશે. પણ અમારું માનવું છે કે જ્વેલરીનો વેપારી, વેપારી હોવા ઉપરાંત તે ખૂબ સારો સંગીતજ્ઞ પણ હોવો જોઈએ. તેથી જેમ 'રાણી રૂપમતી'ના દરબારમાં (હિન્દી ફિલ્મ 'રાની રૂપમતી') વેશપલટો કરીને આવેલા સંગીતસમ્રાટ તાનસેને 'ઊડ જા ભંવર માયા કમલ સે.' ગાઇને ભમરાને કમળ પરથી ઊડાડ્યો અને ભમરો જતો રહ્યો. તો રાની રૂપમતીએ 'આજા ભંવર સુની ડગર' ગાયું ને ભમરો પાછો આવ્યો. એ જ રીતે જ્વેલરીના વેપારીએ ભલે તેને કંઠથી નહીં પણ આત્માના અવાજથી રાની રૂપમતી જેવા સૂરમાં ગાયું હશે કે 'આજા કબૂતર, ફિર સે ઉતર, કર કે ગુટર ગુટર..ર' તેથી અમુક સમય પછી કબૂતર પાછું આવ્યું અને આશ્ચર્યની વાત એ છે કે સોનાની ચેઈન સાથે પાછું આવ્યું! વેપારીએ તેને જાળ નાંખી પકડી લીધું. આખરે તો વેપારી ખરો ને! એનું કામ જ જાળ નાખવાનું. (-પણ કબૂતરને એ વાતની ખબર નહોતી. વેપારી ભલો હતો તેણે કબૂતરને જાળમાં ફસાવી, પકડીને ચેઇન લઈ લીધી અને કબૂતરને જવા દીધું. બાકી બીજો હોય તો કબૂતર પર 'ધોળે દા'ડે ધાડ પાડવાનો' ગુનો દાખલ કરે. પણ વેપારી માનતો હશે કે કબૂતર કદાપિ ક્રિમીનલ ન હોઈ શકે. ફક્ત કબૂતર સામે આંખો કાઢીને, ધમકી આપતા એટલું જ કહ્યું કે હવે બીજી વાર શોરૂમમાં ઘૂસ્યું તો તું ઊડી જઈશ તે પહેલા તારું પ્રાણપંખેરૂ ઊડી જશે.

ભૂતકાળમાં આ વાર્તા ઘણાએ સાંભળી હશે કે રાજાની કુંવરી સરોવરના કાંઠે પોતાનો નવલખો હાર ઉતારી, કિનારે મૂકીને, સરોવરમાં નાહવા ગઈ અને અચાનક એક સમડી આવી અને હાર લઈને ઊડી ગઈ. પછી રાજા એ તરત જ તે હાર શોધી કાઢવા હુકમો કર્યા અને પ્રધાનમંત્રી, સેનાપતિ, સૈનિકો બધાને દોડાવ્યા. આમ સમડીએ સોના પર નજર બગાડી હોય એવા દાખલા છે પણ કબૂતરે ક્યારેય સોના પર નજર બગાડી હોય એવો દાખલો નથી. પણ આ કબૂતર કોઈ નોખી માટીનું હશે. કહેવાય છે કે કબૂતરમાં દિશા પારખવાની જબરી આવડત હોય છે પણ તેનામાં સોનાને પારખવાની પણ આવડત હોય એવું ક્યારેય સાંભળ્યું નથી. જો હોત તો જ્વેલર્સવાળા કબૂતરો પાળતા હોત. હવે કદાચ એવી ઘટના પણ બની શકે કે કોઈના ગળામાંથી સોનાના ચેનની ચીલ ઝડપ કરીને બાઇક પર ભાગી રહેલા ગઠિયાઓના હાથમાંથી કબૂતર ચેઇનની ચીલઝડપ કરી જશે. વળી હવે 'ચીલઝડપ' શબ્દનું સ્થાન 'પીજનઝડપ' લેશે.

કુદકે ને ભૂસકે વધી રહેલા સોનાના ભાવની અસરો એટલી બધી ગંભીર નિવડી કે તેણે માણસથી આગળ વધીને પક્ષીનેય પ્રભાવિત કર્યા. અને આસમાને પહોંચેલા સોનાના ભાવે આસમાનમાં ઊડતા કબૂતરને સોનાની ચેઇનની ચીલઝડપ (એટલે કે 'પીજનઝડપ') કરવા પ્રેર્યું. અમારા પડોશી શાંતિલાલ શેરબજારવિદ-કમ-પક્ષીવિદ પણ છે. તે શેરબજાર અને પક્ષી બંનેમાં રસ ધરાવે છે. શેરબજારમાં મંદી હોય ત્યારે તે પક્ષી નિરીક્ષણ કરે છે. તેમનું કહેવું છે કે આ કબૂતર વર્ષો પહેલા શેરબજારમાં હતું અને રાજકોટની ત્રિકોણબાગ પાસેની ગલીમાં માળો બાંધતું. પણ સોનાના ભાવ આટલા બધા ઊંચકાયેલા જાણીને તેણે શેર બજાર છોડીને સોનામાં ઝંપલાવ્યું. માટે સોનુ ખરીદવા માટે ઉત્સાહી લોકોએ જરા જાળવવું. કારણ કે કબૂતરો જો આ રીતે સોનાના ઘરેણા તફડાવવામાં પ્રગતિ કરશે તો ભવિષ્યમાં સોનાના ભાવ ગગડી જશે અને આંબી શકાય એટલા નીચા આવશે. માટે ત્યારે ખરીદી કરવી. (કબૂતરની નહિ, સોનાની!) એવું કબૂતર-કમ-સોનાના નિષ્ણાતો કહે છે.

અમુક ઘરના દરવાજે બોર્ડ લગાવેલું હોય છે 'કુતરાથી સાવધાન'એ જ રીતે હવે પછી કદાચ જ્વેલરીના શોરૂમ પર પણ બોર્ડ જોવા મળશે કે 'કબૂતરથી સાવધાન'. કોઈ જંગલ કે વગડામાં જઈએ તો ત્યાં બોર્ડ હોય કે 'દીપડાથી સાવધાન', 'હાથીઓથી સાવધાન' પણ તે તો જંગલમાં જઈએ ત્યારે જ! પણ જો કબૂતરો આવી કલ્ચરલ એક્ટિવિટીમાં ઉત્સાહથી ઝંપલાવશે તો કબૂતરથી સાવધાન રહેવું મુશ્કેલ બની જશે. કારણ કે કબૂતર તો ગામમાં, શહેરમાં અને સીમમાં બધે જ હોય છે.

કહેવાય છે કે કબૂતરને તાલીમ આપીને કેળવી શકાય છે. તો પછી આ ચેઇન તફડાવનાર કબૂતરને કોઈએ તાલીમ તો નહીં આપી હોય ને! ક્રિકેટમાં પણ પહેલો બોલ ટ્રાયલ રૂપે નાખવામાં આવે છે. એ રીતે કદાચ તેને તાલીમ આપનાર માલિક દ્વારા કબૂતરની આ પહેલી ટ્રાયલ ઉઠાંતરી હોય. એટલે તે થોડીવારમાં ચેઇન સહિત પાછું આવી ગયું. જેથી તેનો માલિક ન પકડાય. અને માલિકને ખાતરી થઈ ગઈ હોય કે આ પ્રયોગ સો ટકા સફળ થઈ શકે તેમ છે. એટલે શોરૂમના માલિકે પણ યાદ રાખવું કે હવે પછી જો કબૂતર કોઈ આભૂષણ ઉઠાવી જશે તો તે પાછું નહિ આવે. આ તો પહેલીવાર ફક્ત ટ્રાયલ હતી.

**અમુક ઘરના દરવાજે બોર્ડ લગાવેલું હોય છે 'કુતરાથી સાવધાન'એ જ રીતે હવે પછી કદાચ જ્વેલરીના શોરૂમ પર પણ બોર્ડ જોવા મળશે કે 'કબૂતરથી સાવધાન'. કોઈ જંગલ કે વગડામાં જઈએ તો ત્યાં બોર્ડ હોય કે 'દીપડાથી સાવધાન', 'હાથીઓથી સાવધાન' પણ તે તો જંગલમાં જઈએ ત્યારે જ! પણ જો કબૂતરો આવી કલ્ચરલ એક્ટિવિટીમાં ઉત્સાહથી ઝંપલાવશે તો કબૂતરથી સાવધાન રહેવું મુશ્કેલ બની જશે. કારણ કે કબૂતર તો ગામમાં, શહેરમાં અને સીમમાં બધે જ હોય છે**

ભૂતકાળમાં મર્યાદિત પ્રમાણમાં કબૂતરનો ઉપયોગ ટપાલ ચીઠ્ઠી પહોંચાડવા માટે થતો. ત્યાર પછી 'મૈંને પ્યાર કિયા'(--અને હડિયાપટ્ટી કબૂતરને!) ફિલ્મમાં 'કબૂતર.. જા..જા..,પહેલે પ્યાર કી પહેલી ચીઠ્ઠી સાજન કો દે આ' એવું કહીને મફતમાં પ્રેમપત્રો પહોંચાડવામાં કબૂતરનો દુરુપયોગ થયો. પણ કબૂતર સેલિબ્રિટી બની ગયું. પણ જેમ ચંદ્ર પર ફેરો મારી આવ્યા પછી અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ ક્યાંય જાહેરમાં જોવા મળ્યા નથી. એ જ રીતે 'મૈંને પ્યાર કિયા' ફિલ્મથી સેલિબ્રિટી બનેલું કબૂતર પણ ત્યાર પછી ક્યાંય જોવા મળ્યું નથી અને તેના ખાનગી ખૂણાની કોઈને ખબર નથી.

આમ તો આપણા કેટલાક લોકો કબૂતરબાજીમાં ઉસ્તાદ છે. આપણા લોકોને અમેરિકા ઈંગ્લેન્ડ જેવા દેશોમાં ગેરકાયદે ઘુસાડવાના ધંધા ને કબૂતરબાજી કહેવામાં આવે છે. આમ આ ગોરખધંધામાં કબૂતરને કોઈ લેવાદેવા નથી અને ગોરખને પણ નથી. તેથી જ્યારે કબૂતરસમાજ જાગશે ત્યારે કબૂતરબાજી શબ્દ વાપરવા પર પ્રતિબંધની માંગ કરશે. પણ હવે આપણા દેશમાં કબૂતરે પોતે કબૂતરબાજીનો આ પહેલો નવો સફળ પ્રયોગ કરીને બતાવ્યુ કે 'જુઓ ખરેખર અસલ કબૂતરબાજી આને કહેવાય. અને અમે કબૂતરબાજી શરૂ કરીએ તો બહુ માઠા પરિણામો આવે.' માટે તમે માણસો કબૂતરો નથી (અને માણસે ય નથી!) માટે કબૂતરબાજી રહેવા દો.

## ગરમાગરમ

શિક્ષકે વિદ્યાર્થીને હોમવર્ક આપ્યું કે ટ્રેનની ઝડપ 80 કી.મી. પ્રતિકલાક હોય તો 160 કિમીનું અંતર કાપતા કેટલો સમય લાગે? તે વિદ્યાર્થીને ગણિતમાં ટપ્પા પડતા નહોતા એટલે બીજે દિવસે દાખલો ગણીને લાવ્યો નહીં. શિક્ષકે પૂછ્યું તો કહે, સર તમે કઈ ટ્રેનની વાત કરતા તા? લોકલ ઇન્ટરસિટી કે વંદે ભારત?